

## ચુંદળીવાળા માતાજી શામળાજીના દર્શન કરી મોડાસા પહોંચતા ભક્તો દર્શનાર્થે ઉમટ્યા

૧૯૭૦થી અંબાજી માતાના મંદિર નજીક જંગલમાં સન્યાસી અને ૭૦ વર્ષથી તરીકે જીવન વિતાવતા ચુંદળીવાળા માતાજી શામળાજીના દર્શન કરીલુણાવાડા ધાર્મિક કાર્યક્રમમાં જતા રસ્તામાં મોડાસા ખાતે ભક્ત નિલેશભાઈ જોશીને ત્યાં પગલાં પાડતા માતાજીનું ભવ્ય સ્વાગત કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે તરુણભાઈ બારોટ, વિનોદભાઈ પટેલ, નવનીતભાઈ શાહ સહિત અનેક ભક્તોએ દર્શન કરી મા ના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ માતાજી લુણાવાડા ખાતેના એક ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપવા રવાના થયા હતા.

# મેઘરજના ઈન્દીરાનગર કેન્દ્ર આંગણવાડી કાર્યકરની ભરતીમાં "કુલડીમાં ગોળ ભંગાયો" ઉમેદવારનો આક્ષેપ

મોડાસા, તા. ૭

રાજ્ય સરકારી ભરતીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાની અને વગદાર, પૈસાદાર લોકો રૂપિયાના જોરે નોકરી ખૂંચવી લેતા હોવાનો અને હોશિયાર અને ગરીબ વિદ્યાર્થીઓને અન્યાય થતો હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજનગરમાં આવેલા ઈન્દીરાનગર કેન્દ્ર માટેની ૨૨-૯-૨૦૧૭ ના રોજ આંગણવાડી કાર્યકરની ભરતીમાં કોઈ પણ પ્રકારનું ઈન્ટરવ્યૂની જાણ કર્યા વગર અને મેરીટનો ઉલાળિયો કરી ભરતી કરવામાં આવી હોવાની અને આ અંગે પી.એમ.ઓ અને સી.એમ કાર્યાલયમાં લેખિત ઓનલાઈન રજુઆત કરવા છતાં પણ ન્યાય નહિ મળતા ઉમેદવારોમાં આક્રોશ જોવા મળ્યો હતો.

અરવલ્લી જીલ્લાના મેઘરાજ તાલુકા સંકલિત બાળવિકાસ અધિકારી કચેરી ઘટક-૧ દ્વારા તા.૨૨-૦૯-૨૦૧૮ના રોજ મેઘરજનગરના ઈન્દીરાનગર કેન્દ્ર માટે આંગણવાડી કાર્યકરની ભરતી બહાર પાડવામાં આવી હતી. આ ભરતીમાં કોઈ પણ પ્રકારનું ઈન્ટરવ્યૂની જાણ કર્યા વગર તા.૧૦-૧૦-૨૦૧૮ના રોજ ઓર્ડર કરી દેતા આંગણવાડી કાર્યકરનાં ઉમેદવાર વણકર કલ્પનાબેન ડાહ્યાભાઈ દ્વારા આરટીઆઈથી માહિતી માંગતા ઠાકર માધવીબેન કમલેશકુમાર માત્ર એમ.એ સુધી અભ્યાસ કર્યો હોવાનું અને તેમના કરતા વધુ ડિગ્રી અને ઊંચું મેરીટ ધરાવતા કલ્પનાબેન બી.એ, એમ.એ, બી.એડ અને કોમ્પ્યુટર તથા ઈન્દીરાગાંધી ફૂડ એન્ડ ન્યૂટ્રિશિયન અને સર્વશિક્ષા અભિયાન તાલીમનું સર્ટી હોવા છતાં તેમની સાથે અન્યાય થતા આંગણવાડી કાર્યકરની ભરતીમાં કુલડીમાં ગોળ ભંગાયો હોવાનો આક્ષેપ કરી પીએમઓ અને સી.એમ સુધી ઓનલાઈન અરજી કરી હોવાછતાં ન્યાય નહિ મળતા આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે રજુઆત કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

**મેઘરજ સી.ડી.પી.ઓ. મનીષાબેન બ્રહ્મભટ્ટના જણાવ્યા અનુસાર**

મેઘરજ ઈન્દીરાનગર આંગણવાડી કાર્યકર ભરતી અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે આ ભરતીમાં નિમણુંક પ્રાંત અધિકારી આહીર, તાલુકા વિકાસ અધિકારી અશ્વિનભાઈ બ્રહ્મભટ્ટ અને અગાઉના સી.ડી.પી.ઓ હંસાબેનની કમિટી દ્વારા કરવામાં આવી હતી. મારા દ્વારા ફક્ત ઓર્ડર આપવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# અંબાજી એલ. જે. ઠાકુર સ્કૂલના પ્રિન્સપાલના વિરોધમાં એનએસયુઆઈ દ્વારા અપાયુ આવેદનપત્ર

### એનએસયુઆઈ દ્વારા ચિમકી, કાયદેસરની કાર્યવાહી નહી કરાય તો ઉગ્ર આદોલન કરવામાં આવશે

અબાજીમાં શકિતધારા સોસાયટીમાં ચાલતી એલ જે.ઠાકુર સકુલ ના આચાયૈ સાહેબ દ્વવારા



વિધ્યાર્થી તેમજ વિધ્યાર્થી ના પિતા સાથે ગેરવણતુક કરાવવામાં આવ્યું છે. આજ સકુલ માં વિધ્યાર્થી બીપીન યાદવ વષૈ ૨૦૦૬થી ૨૦૦૯ સુધી અભ્યાસ કરેલ હતો .જયારે આ વિધ્યાર્થીને નોકરીમાં બોનોફાઈડ સટીની જરૂર હોઈ વિધ્યાર્થી આ સકુલ માં સટી લેવા ગયો તયારે આ સકુલ ના આચાયૈ દ્વવારા વિધ્યાર્થી ને ધમકાવીને કાઢી મુકવામાં આવ્યો અને જયારે વિધ્યાર્થી ના પિતા સકુલ મા ગયા તયારે આચાયૈ દ્વવારા કહેવામાં આવ્યું કે તમને ના પાડી ને કે આવા સટી અમે ના આપી શકીયે અહીં થી જતા રહો .અને હવે પછી આવતા નહી અને તમારે જે કરવું હોય એ કરી લેજો અને જયાં ફરિયાદો કરવી હોય તયા કરી લેજો એમ કરી કાઢી મુકવામાં આવેલ અને આચાયૈ દ્વવારા વિધ્યાર્થી અને પિતા સાતે ગેરવણતુક કરતા આજ રોજ એન એસ યુ આઈ દ્વવારા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી એચ. સી. સોલકીને આવેદનપત્ર આપીને તાત્કાલિક ધોરણે આ સકુલ ના આચાયૈ પર કાયદેસરની કાર્યવાહી કરીને યોગ્ય પગલા ભરવામાં અને જો કાર્યવાહી તાત્કાલિક ધોરણે નહિં થાય તો એન.એસ.યુ આઈ દ્વવારા ઉગ્ર આદોલન કરાવવામાં આવશે તેવી ચીમકી તાલુકા પ્રમુખ ભવાનીસિંહ રાઠોડ તેમજ સંજય યાદવ દ્વારા આપવામા આવી.આ શાળા માહિતી અધિકાર હેઠળ માંગવામાં આવેલી માહિતી આપતી નથી અને અરજદારોને આયોગ મા જવુ પડે છે આ સિવાય આ શાળામાં નવરાત્રિ દરમિયાન સરકારે કાયદેસર વેકેશન પાડયુ હોવા છતા આ શાળાના સંચાલકોએ શાળા શરૂ રાખી હતી, સરકારે આ શાળા નુ લાયસન્સ રદ કરી જોઈએ તેવી માંગ અંબાજી ની જનતા કરી રહી છે.

# મોડાસાના મુન્શીવાડા ગામ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં બાઈકચાલકનું મોત

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં હિટ એન્ડ રનની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા નિર્દોષ વાહન ચાલકો અને રાહદારીઓ ભોગ બનતા બેફામ વાહન ચાલકો સામે જીલ્લા પોલીસતંત્ર લાલ આંખ કરે તે જરૂરી બન્યું છે. મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર શલુન ધરાવતા વાળંદ યુવાનની બાઈકને મુન્શીવાડા ગામ નજીક પાછળથી અજાણ્યા વાહને અડફેટે લેતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી જતા પરિવારજનોને અકસ્માતની જાણ થતા દોડી આવ્યા હતા અને રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. અકસમાતના પગલે મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકના મૃતદેહને પી.એમ. માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મુન્શીવાડા ગામના અને મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર અનુજ હર કટિંગ શલુન ધરાવતા જગદીશભાઈ મોહનભાઈ વાળંદ શુક્રવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે દુકાન બંધ કરી બાઈક લઈ ઘરે જતા હતા ત્યારે મુન્સીવાડા નજીક મોડાસા તરફથી મેઘરજ તરફ જતા અજાણ્યા વાહનચાલકે પૂર ઝડપે ગફલતભરી રીતે હંકારી પાછળથી બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક જગદીશ ભાઈ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનસ્થળેજ મોત નીપજ્યું હતું. અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી ફરાર થઈ જતા અકસ્માતના પગલે દોડી આવેલા પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે શોકની લાગણી છવાઈ હતી. અજાણ્યા વાહનચાલકની બેદરકારીના ભોગે બે માસુમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી કમલેશભાઈ મોહનભાઈ વાળંદની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી ફરાર વાહન ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## મોડાસાના લાલપુર કંપા પાસે એસટી બસને પાછળથી ટેમ્પોએ ટક્કર મારી

મોડાસા, તા. ૭

મોડાસા-હિંમતનગર રાજ્યધોરીમાર્ગ પર લાલપુર કંપા નજીક મોડાસાથી ઈડર જતી એસટી બસને પાછળથી ધડાકાભેર ટક્કર મારતા બસમાં બેઠેલા મુસાફરો ફફડી ઉઠ્યા હતા. ટેમ્પો ચાલક અને ક્લિનરના શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. પ્રમોદ ચમાર સાથે પહોંચી બંને ઈજાગ્રસ્તોને સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે મોડાસા ડેપો મેનેજર અકસ્માતના પગલે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને મુસાફરોને અન્ય બસ મારફતે મોકલવાની તજવીજ હાથ ધરી હતી. મોડાસા બાયપાસ નજીક માલપુર બાજુથી આવતો છોટા હાથી સહયોગ બાયપાસ ચોકડી નજીક છોટા હાથી પલટી ૨ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં વેલકમ-૨૦૧૯નો કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૭

ડી.ડી.ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે તા. ૧-૧-૨૦૧૯ને મંગળવારના રોજ બાય બાય-૨૦૧૮ અને વેલકમ-૨૦૧૯નો ઉજવણીના કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલ સાહેબે વિદ્યાર્થીઓને નવા વર્ષની શુભેચ્છાઓ આપી કોલેજમાં નિયમિત થવા માટે હાકલ કરી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બે નાટકો (સ્વયંવર, અંધશ્રધ્ધા) ડાન્સ, લોકગીત, લોકનૃત્ય, સમુહગીત, એક પાત્રીય અભિનય વગેરે દ્વારા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી, આ કાર્યક્રમનું સંચાલન પ્રા. શક્તિસિંહ સોલંકી અને પ્રા. જીગર ખરાડી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજકોટ એઈમ્સ નરેન્દ્ર મોદીની રાજકોટમાં લોકસભા લડવાના હોઈ રીઝવવા પ્રયાસ : હાર્દિક પટેલ

બાયડ, તા. ૭

અરવલ્લી જીલ્લાનું પાટીદાર અનામત આંદોલનના એપી સેન્ટર ગણાતા બાયડના ચોઈલા ગામે પાટીદાર અનામત આંદોલન મોટી સંખ્યામાં પાટીદાર સમાજ ઉપસ્થિત રહ્યો હતો. હાર્દિક પટેલે સરકાર સામે ચાબખા માર્યા હતા અને રાજકોટ એઈમ્સ હોસ્પિટલ નરેન્દ્ર મોદી રાજકોટ ખાતેથી





તસવીર : મેહુલ જોષી

સમિતિ દ્વારા પાટીદાર અધિકાર સંમેલન રવિવારે રાત્રીના સુમારે યોજાયું હતું. જેમાં પાસ નેતા હાર્દિક પટેલ, અલ્પેશ કથેરીયા, ગીતા પટેલ, મનોજ પનારા ઉપસ્થિત રહ્યા હતા. ગાત્રો થીજાવતી ઠંડીમાં પણ લોકસભાની ચૂંટણી લડવાના હોઈ રાજકોટના પ્રજાજનો રીઝવવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

બાયડના ચોઈલા ગામે સરકાર સામે આક્રમક અને જોરદાર ચાબખા મારતા કહ્યું હતું કે પાટીદારો સાથે અનામત માટે સતત અન્યાય અને પાટીદાર આંદોલન સમયે થયેલ અત્યાચાર અંગે જનમેદનીને લોકસભાની ચૂંટણી સમયે છઠ્ઠીનું ધાવણ યાદ કરાવવા આહવાન કર્યું હતું. સરકાર ખેડૂતો માટે કઈ પણ કરવામાં નિષ્ફળ રહી છે બેરોજગાર યુવાનોની રોજગારી પુરી પાડવા હવાતિયાં મારી રહી છે. પહેલાની અટલજી અને કેશુ બાપાની ભાજપમાં પહેલા હતા. નરેન્દ્ર મોદી અને અમિત શાહની ભાજપમાં અમે નથી ચૂંટણી સામે લોકો લડાઈ ભૂલી જાય છે પરંતુ એક થવાની જરૂર છે નહી તો અચ્છે દિનની જગ્યાએ ખરાબ દિવસો દેખાવા પડશે. પાસના નેતાઓ અને હાર્દિક પટેલનું વલણ જોતા લાગે છે કે, તે આગામી લોકસભા ચૂંટણીમાં સરકાર માટે માથાનો દુખાવો અવશ્ય બની શકે છે.

# નાર્કોટીસના ગુનામાં છ વર્ષથી નાસતા ફરતા આરોપીને બનાસકાંઠા પોલીસે દબોચ્યો

ડીસા, તા. ૭

બનાસકાંઠા એલસીબી પોલીસે કચ્છના ગાંધીધામ પોલીસ



તસવીર : કાંતિલાલ લોધા

મથકમાં નોંધાયેલ નાર્કોટીસના ગુન્હામાં છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લઈ જેલના હવાલે કરી દીધો છે.

કચ્છ ભુજ રેન્જના પોલીસ મહાનિરીક્ષકે નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવાની ઝુંબેશ હાથ ધરવાની આદેશ કરતા બનાસકાંઠાના પોલીસ અધિક્ષક પ્રદીપ શેજુળની સુચનાના પગલે રાજસ્થાન રાજ્યના નાસતા ફરતા આરોપી ઝડપી લેવા બનાસકાંઠા એલસીબી પોકિસના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઈ એમ.આર. મોહનીઆ પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ પ્રવિણસિંહ, એસ.ઓ.જી.ના હે. કો. કલ્યાણસિંહ, હે.કો. ગિરિશભારથી તેમજ એલ.સી.બી.ના હે. કો. કુલદીપસિંહ, પો. કો. કમલેશભાઈની ટીમ સાથે રાજસ્થાન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની અટકાયત માટે પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. એ દરમ્યાન ગાંધીધામ પોલીસ મથકે નોંધાયેલ એનડીપીએસના ગુન્હામાં છ વર્ષથી નાસતા ફરતા આરોપી ભારૂમલ ઉર્ફે ભારૂરામ રાણારામ વિસ્નોઈ (રહે.પોડી ધાનિ આગોર તા. ચોહટન જી.બાડમેર, રાજસ્થાન)ને બાતમીના આધારે દબોચી લઈ ગાંધીધામ એડિવિઝન પોલીસના હવાલે કરી દીધો છે.

## ધનસુરાના સિમલી ગામ નજીક વિદ્યાર્થીઓ ભરેલી રીક્ષા પલટી જતા ૫ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત

ધનસુરા તાલુકાના સિમલી ગામ નજીક ટ્યૂશનથી બાળકોને ઘરે મુકવા જતી સી.એન.જી રીક્ષા રોડ પર પલટી જતા રિક્ષામાં બેઠેલા ૫ બાળકોના શરીરે ઈજાઓ પહોંચતા બાળકોને ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે દવાખાને ખસેડાતા ફરજ પર હાજર તબીબોએ તાત્કાલિક બાળકોની સારવાર હાથ ધરી હતી. સદનસીબે જાનહાની ટળતા દવાખાને દોડી આવેલા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ડીસાના કંસારી નજીકથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ ડિઝાયર કાર ઝડપાઈ

એલસીબી પોલીસે ડીસા તાલુકાના કંસારી નજીકના ટોલપ્લાઝા પાસેથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર સાથે બે શખ્સોને ઝડપી લીધા છે.



બનાસકાંઠાના પોલીસ અધિક્ષકની સૂચના મુજબ એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ.સિંધવ એલ.સી.બીની ટીમના પ્રવિણસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, પ્રવીણભાઈ અને લક્ષ્મણસિંહની ટીમ સાથે ડીસા તાલુકા પોલીસ મથકના કાર્યક્ષેત્રમાં પેટ્રોલિંગમાં નીકળ્યા હતા એ વખતે બાતમીના આધારે કંસારી ટોલટેક્સ પાસે નાકાબંધી કરી સ્વીફ્ટ ડિઝાયર ગાડીને આંતરી તલાશી લેતા આ ગાડીમાંથી બનાવટ નો ૭૨,૯૦૦ રૂપિયાની કિંમતનો ૭૨૯ બોટલ બિયર અને દારૂ મળી આવ્યો હતો.એલસીબી પોલીસે આ કેસમાં એક મોબાઈલ તથા ગાડી સહિત કુલ ૪,૭૩,૪૦૦ રૂપોયની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ગાડી ચાલક આસુરામ લછારામ મેઘવાલ (રહે. દાંતવાડા તા.રાણીવાડા) તથા ગાડીમાં બેઠેલા ભજનલાલ શ્રીરામ વિશ્નોઈ (રહે. દાંતા તા. સાચોર રાજસ્થાન)ની અટકાયત કરી હતી.

## દાંતીવાડાની બાળાઓ 'અન્ડર-૧૯ ડ્રોપ રો બોલ' સ્પર્ધામાં નેશનલ લેવલે ચમકી !

દાંતીવાડા તાલુકામાં આવેલ માળીવાસ ગામની પ્રાથમિક શાળાની ૩ બાળાઓ એ રાજ્ય કક્ષાએ અન્ડર ૧૯ ડ્રોપ રો બોલ



સ્પર્ધામાં ભાગ લીધેલ જેમાંથી ૧. માળી અંજુબેન દિનેશજી અને ૨. માળી ઉર્મિલા બેન દલપતજી આમ આ બંને બાળાઓ નેશનલ લેવલે છત્તીસછગઢ રાજ્યના રાયપુર મુકામે ગયેલ જ્યાં ઉત્તકુસ્થ પ્રદર્શન બતાવેલ અને ચોથું સ્થાન પ્રાપ્ત કરેલ તેમજ આ બંને બાળાઓ ને વ્યાયામ શિક્ષક પરમાર હરેશભાઈએ તૈયાર કરેલ બંને બાળાઓનું નેશનલ લેવલે ઉત્તકુસ્થ પ્રદર્શનના લીધે ગ્રામજનોમાં અને શાળા પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગયેલ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરતભાઈ, માળીવાસ ગામ સરપંચ, શાળા આચાર્ય, એસએમસીએ બાળાઓને અભિનંદન પાઠવ્યા માળીવાસ પ્રાથમિક શાળા દ્વારા બંને બાળકીઓનું સન્માન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

# કાંકરેજ તાલુકાના અમરનેસડા ગામે રસ્તા બાબતે મારામારી

### રબારી પોતાની ભેંસો લઈ રસ્તા પર જતો હતો ત્યારે થઈ બોલાચાલી

કાંકરેજ તાલુકાના અમરનેસડા ગામમાં ત્રણ ઈસમોએ રબારી પાંચાભાઈ વાલાભાઈ વાળા પોતાની ભેંસો લઈને રસ્તા પર જઈ રહ્યા હતા તે સમય દરમિયાન ત્રણ ઈસમો જોડે બોલાચાલી થતા એ લોકો રબારીના બોર ઉપર કર્યો હુમલો. લોખંડની ટોમી, લાકડી શરી જેવા હથિયારો સાથે ત્રણ ઈસમો ઉપર હુમલો કરતા ત્રણ લોકો ઘાયલ. થયા હતા. ઘાયલોને શિહોરી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ઘાયલોમાં એક મહિલા અને બે પુરુષનો સમાવેશ થાય છે. માથામાં, હાથે અને બરડાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ત્યારે શિહોરી પોલીસે આરોપીઓ ઝડપવા માટે ચક્રો ગતિમાન કર્યા..શિહોરી પોલીસે આઈપીસી ૩૨૪, ૨૯૪, ૫૦૬.૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબની તપાસ હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત (૧) શાંતાબેન પાંચાભાઈ રબારી ઉંમર ૪૦ માથાના ભાગે ઈજા (૨) સોમાભાઈ વાલાભાઈ ૫૦ વર્ષ ડાબા હાથમાં ઈજા (૩) કાનજીભાઈ વાલાભાઈ રબારી ૪૫ વર્ષ બરડા અને મોઢા ઉપર ઈજા ત્રણેય રહે અમરનેસડા તાલુકો કાંકરેજ જિલ્લા બનાસકાંઠા આરોપીઓ (૧) મોહનજી બધાજી દરબાર (૨) રતનસંગ મોહનસંગ (૩) સુરાજી મોહનજી દરબાર ત્રણેય રહે અમરનેસડા વાળા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી આ કામના આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે જોવું એ રહ્યું કે આખરે આરોપીઓ પકડાય સે ક્યારે ફરિયાદી નો ભાઈ ભેંસો લઈ જતો હતો ત્યારે દરબારો એ એને કહેલ કે તું અહિયાં થી કેમ ભેંસો લઈ ચાલે છે તેવું કહેતાં શૈલેષ રબારી ત્યાંથી ભાગી ગયો હતો અને તેમના ભાઈઓ પાસે જઈ બધી વાત કરી હતી ત્યારે દરબારો તે રબારી ના બોર ઉપર જઈ ઠપકો આપ્યો હતો અને બોલાચાલી થઈ ગઈ હતી અને મામલો મારામારી સુધી પહોંચ્યો હતો.

# બનાસકાંઠા જિલ્લામાં એક વિધાનસભા જેટલા મતદારો વધ્યા

### આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં બે લાખથી વધુ મતદારો પ્રથમવાર મતદાન કરશે

સરહદી બનાસકાંઠા જીલ્લા માં ગત લોકસભા ચૂંટણી પછી જિલ્લા ના મતદારો ની સંખ્યા માં



તસવીર : હરેશ જોષી

નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષ માં જીલ્લામાં બે લાખ થી વધુ મતદારો નોંધાયા છે. ૨૦૧૪ ની લોકસભા ચૂંટણી પછી બનાસકાંઠા જીલ્લા માં બે લાખ થી વધુ મતદારોનો વધારો થયો છે જેમાં મહિલા અને પુરુષ મતદારોમાં એક -એક લાખ મતદારો મતદારી યાદી માં ઉમેરાયા છે ૨૦૧૪ ની લોકસભા ની ચૂંટણી માં ઓગણીશ લાખ થી વધુ મતદારો નોંધાયા હતા ત્યારે ૨૦૧૯ માં જાન્યુઆરી સુધી બાવીશ લાખ થી વધુ મતદારો નું મતદાર યાદીમાં ઉમેરો થયો છે નવા બે લાખ થી વધુ મતદારો પ્રથમ વાર આગામી ૨૦૧૯ની લોકસભા ની ચૂંટણી માં મતદાન કરવાના છે ત્યારે નવા બે લાખ મતદારો ૨૦૧૯ ની લોકસભા ચૂંટણી માટે નિર્ણાયક ભૂમિકા હશે બનાસકાંઠા નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર સાથેની વાતચીત માં તેઓએ જણાવ્યું હતું કે જિલ્લા મતદારયાદી ની સુધારણા ઝુંબેશ અંતગર્ત સતત મતદારો નો વધારો થઈ રહ્યો છે જિલ્લામાં મતદારોની સંખ્યા ૨૨ લાખને પાર કરી ગઈ છે.